જે કામ શાંતિથી ધીરજપૂર્વક થાય તે ક્રોધ કરવાથી થઇ નથી જતું
- લોકમાન્ય ટિળક

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૧૫ | ૨૫ જાન્યુઆરી, ૨૦૧૩, શુક્રવાર; પોષ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લા પંચાયતમાં આચારસંહિતાનું ગ્રહણ

## નવરચિત સાત સમિતિઓના ચેરમેનોની નિમણુંક આદર્શ આચારસંહિતાને પગલે ૨૭ ફેબ્રુઆરી સુધી મુલત્વી : રાજકીય વર્તુળોમાં અસંતોષની ચર્ચા જોરશોરથી ચાલે છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની સાત રચાયેલી સમિતિઓના ચેરમેનોની નિમણુંક ૨૭મી ફેબ્રુઆરી સુધી મુલ્તવી રાખવામાં આવી છે. કોંગ્રેસ પક્ષે આદર્શ આચારસંહિતાના અમલને ધ્યાને રાખી આ નિમણુંકો મુલ્તવી રાખવામાં આવી હોવાનું જણાવ્યું છે. જો કે રાજકીય વર્તુળોમાં સમિતિઓના ચેરમેનોની નિમણુંકના મુદ્દે સભ્યોમાં પ્રવર્તતો અસંતોષ વધુ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતની સાત સમિતિઓની પુનઃ રચના ૧૫મી જાન્યુઆરીની સામાન્ય સભામાં કરાઈ હતી. આ પછી ત્રણ સભ્યોએ સમિતિના સભ્યપદેથી રાજીનામા ધરી દેતાં સમિતિઓના ચેરમેનોનું કોકડું ગુંચવવા પામ્યું હતું.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે ત્રણ સમિતિઓની બેઠકમાં કોરમ જ થવા પામ્યુ ન હતુ તો કારોબારી અને બાંધકામ સમિતિની બેઠકમાં સભ્યોએ સામે ચાલી ચેરમેનોની વરણી ૨૭ ફેબ્રુઆરી સુધી મુલ્તવી રાખવા માટે લેખિતમાં સૂચવ્યું હતું.

કોંગ્રેસ પક્ષો જિલ્લામાં નગરપાલિકા તેમજ તાલુકા પંચાયતની ચૂંટણીને લઈ અમલમાં આવેલ આદર્શ આચારસંહિતાનો મુદ્દો આગળ કર્યો છે. જો કે પક્ષના સભ્યોમાં સમિતિઓની રચનાને મુદ્દે પ્રવર્તો અસંતોષ પણ આડકતરો જવાબદાર હોવાનું બહાર આવ્યું છે.

દરમ્યાન જિલ્લા કોંગ્રેસ સમિતિની એક યાદીમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયત, ગાંધીનગરની કારોબારી, આરોગ્ય, બાંધકામ, ૨૦ મુદ્દા અમલીકરણ, ઉત્પાદન સહકાર અને સિંચાઈ, અપીલ, મહિલા અને બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિઓના અધ્યક્ષશ્રીની વરણી કરવા આજ તારીખ ૨૪-૧-૨૦૧૩ના રોજ ઉક્ત સમિતિઓની મિટીંગ બોલાવવામાં આવેલ પરંતુ સદર સમિતિઓના અધ્યક્ષશ્રીઓની વરણી અનિવાર્ય કારણોસર મોકુક રાખી તારીખ ૨૭-૨-૧૦૧૩ના રોજ જે તે સમયે બોલાવવાનું નક્કી કરવામાં આવેલ છે.

વધુમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી અશ્વિનભાઈ બારોટ તરફથી જાણવા મળેલ છે કે, ફેબ્રુઆરી માસના બીજા અઠવાડીયામાં ગાંધીનગર તાલુકા પંચાયત તથા માણસા નગરની સામાન્ય ચૂંટણી તથા પેથાપુર નગર પાલિકાની પેટા ચૂંટણીને લક્ષમાં લઈ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિશ્રીઓના અધ્યક્ષશ્રીઓની વરણી હાલ પુરતી મોકુફ રાખવામાં આવેલ છે.





શિયાળામાં શરીર સૌષ્ટવ માટે બાળકોમાં જુદી-જુદી રમતોનું ઘેલું હોય છે અને શાળાઓ દ્વારા પણ આ સમયગાળામાં જ રમતોત્સવ ઉજવાતા હોય છે. રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત ગત વર્ષથી વિશિષ્ટ બાળકો માટે પણ રમતોત્સવ યોજવાના કરાયેલા નિર્ણય અંતર્ગત આજે ગાંધીનગર સેક્ટર-૧૬, અંધશાળા ખાતે વિશિષ્ટ બાળકો માટે જુદી જુદી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ બાળકોએ આજે દિવસ દરમિયાન ચેસ, દોડ, ગોળાફેંક, લાંબો કૂદકો જેવી રમતોમાં ભાગ લીધો હતો.
(તસવીર : દિપક જાની)

# માણસામાં ૧૨૪ ઉમેદવારી પત્રો ભરાયા

## પેથાપુરની પેટા ચૂંટણીમાં પાંચ ઉમેદવારી પત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાની ૯ વોર્ડની ૨૭ બેઠકો માટે ૧૨૪ ઉમેદવારી પત્રો તથા પેથાપુરની પેટાચૂંટણી માટે પાંચ ઉમેદવારી પત્રો આજે અંતિમ દિવસ સુધીમાં ભરાયા છે.

માણસા નગરપાલિકાની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે સૌથી વધુ ૭૬ ઉમેદવારીપત્રો ભરાયા હતા. મળતી વિગતો પ્રમાણે માણસાના વોર્ડ નં. ૪માં સૌથી વધુ ૨૧ ઉમેદવારીપત્રો તથા વોર્ડ નં. ૨માં ૧૯ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે.

આજ પ્રમાણે પેથાપુર નગરપાલિકાની વોર્ડ નં. ૭ની પેટા-ચૂંટણી માટે આજે વધુ ત્રણ ઉમેદવારી પત્રો ભરાયા છે. જેમાં ભાજપ તરફથી વધુ એક તથા કોંગ્રેસ તરફથી બે ઉમેદવારી પત્રો રજુ થયા છે. ગઈકાલે આ પેટાચૂંટણી માટે બે મેદવારી પત્રો ભાજપ તરફથી ભરાયા હતા.

આ ચૂંટણી માટેના ઉમેદવારીપત્રોની ચકાસણી સોમવારના રોજ યોજાવાની છે. ચકાસણી અને ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસ બાદ ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

જો કે ભાજપ-કોંગ્રેસ વચ્ચે બન્ને નગરપાલિકામાં સીધો જંગ ખેલાશે તેમ મનાઈ રહ્યું છે. બહુજન સમાજવાદી પાર્ટીએ માણસા નગરપાલિકામાં ચાર જેટલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે.

૧૦મીએ આ ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. આ નગરપાલિકાની ચૂંટણીઓને લઈ જિલ્લા તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ વેળાની ચૂંટણી ઈ.વી.એમ. થી યોજાવાની હોવાથી પરિણામો ઝડપથી મળશે તેમ જાણવા મળેલ છે.



(તસવીર : દિપક જાની)

કેસુડાના ફૂલ - ગાંધીનગર તમામમાં મોખરે... કેસુડાના ફૂલ પણ એક મહિનો વહેલા ગાંધીનગરમાં આવ્યા.... સેક્ટર-૨૦, સુવિધા કચેરીથી અક્ષરધામ જવાના માર્ગ પર કેસુડાના ફૂલ જોવા મળ્યા હતા. સામાન્યતઃ કેસુડાના ફૂલ ફાગણ મહિનામાં હોળીના આગમનની છડી પોકારે છે. હજુ ઉત્તરાયણને એક પખવાડિયું પણ થયું નથી ત્યાં હોળીની છડી પોકારતાં કેસુડાના ફૂલે ગાંધીનગરમાં દેખા દીધી હતી. પોષ મહિને ફાગણનો અહેસાસ....

# સરકારી કચેરીઓમાં મીની વેકેશનનો માહોલ

ગાંધીનગર, તા. ૨૪

સરકારી કચેરીઓમાં સળંગ ત્રણ જાહેર રજાઓ આવતા મીની વેકેશન જેવો માહોલ સર્જાયો છે. તો બીજી બાજુ આવતીકાલે મંત્રીઓ ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમમાં હાજરી આપવા જિલ્લાના પ્રવાસે જશે.

સરકારી કચેરીઓણાં આવતીકાલે ઈદે મીલાદની જાહેર રજા છે જ્યારે શનિવારે ૨૬મી જાન્યુઆરીની પ્રજાસત્તાક દિનની જાહેર રજા અને ૨૭મીએ રવિવારની રજા એમ કુલ ત્રણ સળંગ રજાઓ સરકારી કચેરીઓમાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં ૪૦૦ કર્મચારીઓની ભરતી માટે દરખાસ્ત

## પુરક સ્ટાફ પેટર્નમાં તકનીકી કર્મચારીઓની ભરતી પર ભાર મુકાયો : વહીવટી કર્મચારીઓની સંખ્યા વધારાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૪૦૦ કર્મચારીઓની ભરતી માટે પૂરક સ્ટાફ પેટર્ન તૈયાર કરી રાજ્યના શહેરી વિકાસ વિભાગને મંજૂરી માટે મોકલી છે.

ગાંધીનગર મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પૂરક સ્ટાફ પેટર્નમાં તકનીકી કર્મચારીઓની ભરતી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. આ રહેલી તૈયારીઓને ધ્યાને રાખી આ ભરતી કરવામાં આવશે.

આ ઉપરાંત કોર્પોરેશનમાં વધતા જતા કાર્યભારણ તેમજ સેવાઓને વધુ લોકાભિમુખ બનાવવા માટે કારકુન સંવર્ગ તેમજ અન્ય અધિકારીઓની ભરતી માટે આ દરખાસ્તમાં સૂચવવામાં આવ્યું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૧૦૦ જેટલા કર્મચારીઓ માત્ર પાણી વિભાગ માટે મંજૂર કરવા આ દરખાસ્તમાં જણાવાયુ છે. આ ઉપરાંત આગામી દિવસોમાં અન્ય સેવાઓ પણ સરકાર દ્વારા સુપ્રત કરવામાં આવે તો તે સંભાળી શકાય

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પાણી-ગટરની સેવાઓ સોંપવા અંગેની રાજ્ય સરકારમાં ચાલી છે. ખાસ કરીને સેનેટરી ઈન્સ્પેક્ટર, મુકાદમ જેવી કેડેરોની જગ્યાઓ પણ સમાવવામાં આવી હોવાનું તેને ધ્યાને રાખી કારકુન અને અન્ય કર્મચારીઓની ભરતી માટે રજુઆત આ દરખાસ્તમાં કરાઈ છે.

આકારણી ઉપરાંત ટેક્ષ વસુલાત પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવા માટે તેમજ ગુમાસ્તા ધારાના અસરકારક અમલીકરણ માટે પણ કર્મચારીઓની માંગણી કરવામાં આવી છે.

રાજ્ય સરકારે પાણી વિતરણ માટે ગત વર્ષે જ કોર્પોરેશનને સોંપવા અંગેના ચક્રો ગતિમાન કર્યા હતા. એક તબક્કે સ્ટાફ અને આર્થિક સક્ષમતા નહિ હોવાનું કારણ આગળ ધરી સેવાઓ સંભાળવાની વાત ટાળવામાં આવી હતી. આ પછી બીજીવાર પણ સરકારે આદેશ કર્યા હતા ત્યારે કોર્પોરેશને સામાન્ય સભામાં આ બાબત મુલ્તવી રાખી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## છઠ્ઠા પગાર પંચના તફાવતની રકમ ચુકવવાનો ૩૦મીએ નિર્ણય કરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક આગામી ૩૦મી જાન્યુઆરીના રોજ ચેરમેન શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળશે.

૩૦મીએ મળનારી સ્ટેન્ડીંગ કમિટીની આ બેઠકમાં કોર્પોરેશનના કર્મચારીઓને ૬ઠ્ઠા પગારપંચના તફાવતના નાણાં જે ચુકવવાના બાકી છે તે અંગે નિર્ણય લેવામાં આવશે.

આજ બેઠકમાં કોર્પોરેશનના કર્મચારીઓ અને અધિકારીઓ માટે મકાન ફાળવણી કરવા તેમજ કોર્પોરેશનમાં ફરજો બજાવતા અધિકારીઓ માટે ફર્નિચર ખરીદવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેમરેન શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે કોર્પોરેશનના કર્મચારીઓને એરિયર્સ પેટે ચુકવવાની રકમ લગભગ રૂ. ૩૫ લાખ જેટલી થવા જાય છે. તેમણે જણાવ્યુ હતુ કે કર્મચારીઓના આ નાણાં તેમના હક્કના હોવાથી ચૂકવી આપવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ માટે આવાસ ફાળવવામાં સરકાર દ્વારા અગ્રતા આપવામાં આવે તે માટે આ બેઠકમાં ખાસ પ્રસ્તાવ પસાર કરવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યુ હતુ કે સ્ટેન્ડીંગ કમિટી દ્વારા અધિકારીઓને કામ કરવાની મોકળાશ રહે તે માટે આધુનિક ફર્નીચર પણ ખરીદવામાં આવશે.

## ગાંધીનગર મનપાને તાકીદે સત્તાઓ સોંપો : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાને જી.પી.એમ.સી. એક્ટ અંતર્ગત સત્તાઓની સોંપણી અંગે રાજ્ય સરકારે ઝડપથી નિર્ણય કરવો જોઈએ તેવી રજુઆત કરતો પત્ર રાજ્યના શહેરી વિકાસ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને લખ્યો છે.

શ્રી પટેલે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે ૯-૭-૨૦૧૧ ના રોજ સ્ટેન્ડીંગ કમિટીએ આ અંગે પ્રસ્તાવ કરી સરકારમાં રજુઆત કરી હતી જે વાતને એક વર્ષ કરતાં પણ વધુ સમય થયો હોવા છતાં હજુ વણઉકલ્યો રહેવા પામેલ છે જે અત્યંત દુઃખ દાયક છે.

તેમણે આ પત્રમાં જણાવ્યું છે કે મહાનગરપાલિકા માટે સરકાર હકારાત્મક અભિગમ દાખવી તાત્કાલિક સત્તાની સોંપણી કરે તે જરૂરી છે. મહાનગરપાલિકાની રચનાને દોઢ વર્ષ જેટલો સમય થયો છે પણ માત્ર સફાઈ સિવાય કોઈ જ સેવાઓ સોંપાઈ નથી.


LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬

બુકીંગ ઓપન
ફ્લેટ / દુકાનો
ગાંધીનગર સરગાસણ ચોકડી બાજુમાં ૮૦ ફીટ રોડ, એસ.જી. હાઈવે, સ્વીમીંગ પુલ, આધુનિક સુવિધાઓ વાળા ફ્લેટો, દુકાનો બુકીંગ માટે મળો.
સંપર્ક : ૯૯૦૯૨ ૮૦૬૩૧
સંપર્ક : ૯૭૨૬૦ ૮૮૩૩૩

ધો.૧૨ પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ માટે
સરકારી નોકરી મેળવવાની અમૂલ્ય તક
GPSC, Dy.SO, PSI, Bank, વન વિભાગ, કોન્સ્ટેબલ
કલાર્ક, તલાટીના સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી
નવી બેચ : તા.27.1.13 થી શરૂ થશે
સમય : સાંજે 4 થી 6 (સોમ થી શનિ)
વિવેકાનંદ એકેડમી
પ્રવેશ માટે સંપર્ક : 99256 98721

Art, Beauty & Magic of Handicraft & Handloom of India
ભારત કલા ઉત્સવ
તા. ૨૧-૦૧-૨૦૧૩ થી તા. ૦૩-૦૨-૨૦૧૩
એન્ટ્રી અને પાર્કિંગ ફ્રી
સમય : બપોરે ૧૧.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી
કશ્મીરથી કન્યાકુમારી, પશ્ચિમ બંગાલ થી રાજસ્થાન સુધી ૧૦,૦૦૦ થી વધારે વસ્તુ પ્રદર્શન સાથે વેચાણ એક જ સ્થાન પર
સ્થળ : ઓપન ગ્રાઉન્ડ, અપના બજારની બાજુમાં, સેક્ટર-૬, ગાંધીનગર.

KALPANA'S